# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

**નામ રૂપી નાવ**

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ભગવાનનું નામ સ્મરણ અદ્‌ભુત અને ચમત્કારી છે. એમાં પણ કલિયુગમાં તો ભગવાનનું નામસ્મરણ એ તો ભવજળ પાર ઉતરવા નાવ સમાન છે.

શાસ્ત્રોમાં કહ્યું પણ છે કે -

कृते यत् ध्याय तो विष्णु, त्रेतायाम् यजतो मखै ।

द्वापरे परिचर्यायाम्, कलौ केशव किर्तनात् ॥

એટલે કે સતયુગમાં ધ્યાન ધરી ધરીને વર્ષોના વર્ષો સુધી સાધના કરે ત્યારે ભગવાનની પ્રાપ્તિ થાય કે ન પણ થાય તેટલી કઠિનાઈ હતી. ત્રેતાયુગમાં અગણિત યજ્ઞો કરે ત્યારે ભગવાન રાજી થાય કે ન પણ થાય એ પરિસ્થિતિ હતી. દ્વાપર યુગમાં સેવા કાર્યો તે ભગવાનને પ્રાપ્ત કરવા માટેનું સાધન હતું. પણ કળિયુગમાં ભગવાન બહુ અઢળક ઢળ્યા છે. નામ સ્મરણ ને સંકીર્તન દ્વારા સહેજે સહેજે ભગવાનની પ્રાપ્તિ સુલભ બની છે. ભગવાનના નામ-સ્મરણના પ્રતાપે ભયંકર વાલીયા લુંટારામાંથી વાલ્મિક ઋષિ બની જાય છે.

જે કામ જ્ઞાન નથી કરી શકતું તેવા કામ પણ ભગવાનના નિયમિત નામ-સ્મરણ દ્વારા સુગમ બની જાય છે. ગોસ્વામી તુલસીદાસજી મહારાજે પણ ભગવાનના નામ-સ્મરણની શક્તિ પ્રગટ કરતા કહ્યું છે કે -

**"નહિ કલી કરમ ન ભગતિ બિબેકુ,**
**રામ નામ અવલંબન એહું."**

જો એક નિષ્ઠાથી ભગવાનનું નામ સ્મરણ થાય તો તે કેવું કામ કરી આપે છે તે આ વાત ઉપરથી સમજી શકાશે.

એક સરસ સ્વચ્છ ગામ હતું. એ ગામમાં એક રામજી મંદિરમાં ત્યાંના ભક્તોએ ભેળા મળી ભગવાનની કથાનું સુંદર આયોજન કર્યું. કથાકાર પંડિજીનું આગમન થયું અને કથાની શરૂઆત થઈ. આ ગામની બાજુમાં નદીને સામે પાર એક બીજું ગામ હતું. ત્યાંથી એક ગોવાલણ રોજ નાવ દ્વારા નદી ઉતરી આ ગામમાં દૂધ વેચતી. આ તે બહેનનો નિત્યક્રમ હતો.

નિયમ મુજબ એ ગામમાં આવી. તે સમયે કથા-વાર્તા થતી હતી. પંડિતજી કથાનું શ્રવણ કરાવતા હતા. સહેજે અંતરમાં લાગણી થતા આ બહેન પણ કથા સાંભળવા બેઠાં. કથામાં પંડિતજીએ ખૂબ ભક્તિભાવ પૂર્વક કથા કરતાં કહ્યું કે ભગવાનનું નામ ભવજળતારક સુંદરનાવ છે. આ વાત આ બહેનના અંતરમાં ઉતરી ગઈ. આ બહેને વિચાર કર્યો કે જો રામનામ રટવાથી ભવપાર થઈ જવાતું હોય, તે આટલું તારક હોય તો મારે રોજ આ નાવવાળાને પૈસા આપીને શું કરવા આવવું !!

અને આ બહેને તો ભગવાનનું નામ પુરી શ્રધ્ધા સાથે લઈને નદીમાં ચાલવાનું શરૂ કર્યું. ચમત્કાર !! આશ્ચર્યમ્ !! આ બહેન પાણી પર ચાલતાં ચાલતાં જ નદી પાર કરી ગયા.

હવે તો ચાલુ પ્રવૃત્તિએ, ઘરકામ વખતે પણ સતત ભગવાનના નામ સ્મરણનું તેમને રટણ થઈ ગયું. થોડા સમયમાં તો તેમની પાસે પૈસા પણ બચવા લાગ્યા. ભક્તિનો પ્રતાપ પણ એવો કે દૂધ પણ પહેલાં કરતાં વધુ વેચાવા લાગ્યું. ભક્તિના પ્રતાપે મનમાં સદ્‌વિચાર થયો કે જે પંડિતજીની કથા સાંભળવાથી મને આ ભક્તિની, નામ-સ્મરણની દ્રઢતા થઈ તો તેમને જમાડું. પંડિતજીને આમંત્રણ આપ્યું. પંડિતજીને નાવમાં બેસાર્યા અને આ બહેન ચાલતા જ નદી પાર કરી ગયા. પંડિતજી તો આશ્ચર્યથી જોઈજ રહ્યા કે આ શું !! પંડિતજીને ઘેર લઈ જઈ જમાડ્યા, દક્ષિણા આપી.

પંડિતજીને મુંઝવણ થવા લાગી. આવું તે કેવું !! નાવ વિના નદી પાર કરી જવી એ તો મોટો ચમત્કાર ! પછીથી પંડિતજીને આ ચમત્કારનું રહસ્ય સમજાયું કે ભગવાનની કથા શ્રધ્ધાપૂર્વક સાંભળે તેને આવું ફળ મળે છે. જેમ આ બેન નદી પાર કરી જતા હતા તેમ શ્રધ્ધાથી સ્મરણ કરવાથી ભવજળ પાર ઉતરી શકાય છે.

બાલમિત્રો ! વાત તો આશ્ચર્ય લાગે તેવી છે પણ આટલું તો સમજીએ કે ભગવાનના નામ સ્મરણનું વારંવાર રટણ થવાથી જીવમાં શક્તિ ઉદ્‌ભવે છે. અને એક અલૌકિક આનંદની પ્રાપ્તિ જીવ કરી શકે છે. નામ સ્મરણ માટે એવું કાંઈ ફરજીયાત નથી કે પલાંઠી વાળી બેસવું પડે. ''ખાતાં પીતા હરતા ફરતા કરતાં ઘરનું કામ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ રટીએ આઠો જામ.'' સંતોએ પણ નામ સ્મરણનો આ રીતે મહિમા ખૂબ કહ્યો છે.

વૈરાગ્ય મૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી પણ ભગવાનના નામ સ્મરણનો મહિમા વર્ણવતા કહે છે કે -

**''પાર ઉતાર્યા પરિશ્રમ વિના,**
**બેસી નામ રૂપી નાવ,**
**જે જને જપ્યા જીભથી,**
**તે તરી ગ્યા ભવ દરિયાવ.''**

માટે જેને પોતાના કલ્યાણને ઈચ્છવું તેને તો ભગવાનનું નામ સ્મરણ. અખંડ ચિંતવન એ જ એક સીધો ને સરળ માર્ગ છે. જેનાથી ભવજળ પાર ઉતરી જવાય છે.

●

**ઉપાધિઓ ખૂટવાની નથી**

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

કેમ નિયમિત મંદિરે આવતા નથી ? શું કરીએ, બહુ કામકાજ, પ્રવૃત્તિ, વહેવારના લીધે ટાઈમ મળતો જ નથી. તો પછી આત્માના કલ્યાણ માટે ભગવાનનું ભજન-ભક્તિ, સેવા-સત્સંગ ક્યારે થશે ? એ તો આ બધી જવાબદારી પતે, પ્રવૃત્તિ પતે ને પછી નવરા થઈશું ત્યારે ભગવાન ભજીશું.

ભાઈ ! ભલા માણસ ! એમ તો ક્યારે પણ પ્રવૃત્તિઓને જવાબદારીઓનો અંત આવશે જ નહી. તે તો જીવનના અંત સુધી ખૂટે તેમ નથી. તમારી સાથે વાત કરતાં કરતાં મને એક વાત યાદ આવી ગઈ. વાંચો અને પછી વિચારીને કહેજો કે ભક્તિ-ભજનની શરૂઆત ક્યારથી કરવી છે ?

એક નગરમાં એક મહામોટા શેઠ રહે. તેઓ કુશળ વેપારી હતા અને આખા દેશમાં તેમની કીર્તિ ફેલાયેલી હતી. સારા પ્રતિષ્ઠિત વેપારી હોવાની સાથે તેની દાનવીર તરીકે પણ સમગ્ર દેશમાં સારી પ્રતિષ્ઠા હતી. સામાન્ય પ્રજા તો ઠીક પણ મોટા મોટા રાજદ્વારીઓ પણ તેમની પ્રશંસા કરતા. આ એ સમય હતો જ્યારે માલસામાનની હેરફેર માટે વાહન વ્યવહારના, માલ પરિવહનના સાધન તરીકે પોઠોની વણઝાર પ્રચલિત હતી.

આ શેઠની પોઠો સમગ્ર દેશના વિવિધ રાજ-રજવાડામાં ફરતી તેથી તેમની પાસે સમગ્ર દેશના સમચારોની જાણકારી રહેલી. એક સમયે સમાચાર મળ્યા કે તેમના મિત્ર રાજાના પ્રદેશમાં ખૂબ દુષ્કાળ પડ્યો છે. પ્રજા દુઃખી થાય છે. આ સમાચાર મળતા જ રાજાની મદદ માટે આ શેઠે તાકીદે એકસો પોઠોની વણઝાર તૈયાર કરાવી. પુષ્કળ અનાજ, તેમજ જીવન જરૂરિયાતની વસ્તુઓ ગોઠવીને માણસોને બોલાવી હુકમ કર્યો - તમારે જેમ બને તેમ જલ્દી આ પોઠોને હંકારીને આ રાજ્યમાં પહોંચવાનું છે. મુશ્કેલીના ભાગરૂપે રસ્તામાં શત્રુ રાજાના સિમાડેથી પસાર થવાનું હોઈ આ શેઠે રસ્તામાં ક્યાંય પણ ન ઉંઘવાની સ્પષ્ટ સૂચના જવાબદાર માણસોને આપી. જો નિંદ્રા લેવી હોય તો એક જ શરત હતી - જ્યારે સો એ સો પોઠો જેટલો સમય બેસી જાય તેટલો જ સમય આ માણસો આરામ કરી શકે. હુકમ એટલે હુકમ. જવાબદાર માણસો પોઠોની સાથે ચાલવા માંડ્યા. એક દિવસ, બીજો દિવસ, ત્રીજો દિવસ..... આખો દિવસ ચાલવાનું રાત્રે પણ વિશ્રામ નહી ઉપરથી જાગતા રહી પહેરો ભરવાનો આ બધા માણસો તો થાકી ગયા. પણ શેઠની આજ્ઞા પાલનથી થતો ફાયદો અને આજ્ઞા લોપવાથી થઈ શકનારા નુકસાનનો તેમને ખ્યાલ હતો.

ભગવાનને કરવું ને ચોથો દિવસ થયો ત્યારે બધી પોઠો બેસી ગઈ. નજર ફેરવી તો નવાણું પોઠો બેસી ગયેલી પણ એક પોઠ કે જેને વાગ્યું હતું તે બેઠા નહોતી. આ બધા વિચાર કરે છે - ત્રણ ત્રણ દિવસ સળંગ ચાલીને તથા પહેરો કરીને ઘણો થાક તો લાગ્યો છે અને ભગવાને આજે સારી તક આપી છે. જો આ એક પોઠને બેસારી દઈએ તો આપણે થોડો સમય વિશ્રાંતિ લઈ શકીએ. બધા મળીને પોઠને બેસાડવાનો પ્રયત્ન કરવા લાગ્યા. પોઠ બેસી નહી ને આ લોકોને ગુસ્સો આવ્યો. ગુસ્સામાં આવી પોઠને ધકકો માર્યો તો વાગેલું હોવાને કારણે પોઠ જમીન સાથે

(અનુ. પેજ નં. ૨૨ ઉપર)

ધબ દઈને પછડાઈ. જેવી પોઠ પછડાઈ કે તેનો અવાજ થતાં જ બાકીની નવાણું પોઠો ઝબકીને ઉભી થઈ ગઈ. હવે શું !!

આ વાત એટલા માટે યાદ આવી કે ઘણા કહેતા હોય છે કે આ દુનિયાની જવાબદારીને પ્રવૃત્તિઓમાંથી પરવારીશું પછી શાંતિથી ભગવાનનું ભજન, ભક્તિ કરીશું પણ ખરેખર ઉપાધિઓનું તો કેવું છે, આ પોઠની વણઝાર જેવું જ. એક પુરી કરતા બીજી નવાણું ઉપાધિઓ ઉભી થઈ જાય છે.

માટે આ વાતને ધ્યાનમાં રાખીને આ જગતની માયાજાળમાંથી સમય મેળવીને જે પ્રભુની ભક્તિ-ભજન કરી લે તેને શાસ્ત્રો, સત્‌પુરુષો બુદ્ધિવાળો કહે છે. બીજી બાજુ આ સમયનું ચક્ર વણથંભ્યું પાણીના પ્રવાહની જેમ ફરતું જ જાય છે, ફરતું જ જાય છે ને જીંદગીનો છેડો આવી જાય છે.

આપણે સમયની રાહ જોઈએ છીએ પણ સમય ક્યારે પણ આપણી રાહ જોતો નથી કે આપણા પર દયા પણ રાખતો નથી. માટે આ જગતની તમામ ઉપાધિઓ, ફરજો, જવાબદારીઓને થોડી એડ્‌ઝસ્ટ કરીને પણ આત્મશ્રેય સાધવા માટે ભક્તિ-ભજન, સેવા-સંત-સમાગમ, પુણ્ય કર્મ કરી લેવા. જે આટલું સમજે તેણે સમયનો સદ્‌ઉપયોગ કરી લીધો તેમ કહી શકાય.

તો ભાઈ ! તમે હવે થોડી આળસ ખંખેરી, પ્રવૃત્તિઓને એડઝસ્ટ કરીને પણ ભગવાનની ભજન-ભક્તિમાં સમય ફાળવશો તો ભગવાનનો રાજીપો પ્રાપ્ત થશે.